# આવતા સપ્તાહથી ગરમી વધશે : અંબાલાલ

## અંગારક યોગને પગલે જૂન માસમાં ગરમીનુ પ્રમાણ વધુ રહેતા આ વર્ષે ચોમાસુ પણ સારૂ રહેશે

ગાંધીનગર, તા. ૧૭

આગામી દિવસોમાં હાલમાં પશ્ચિમી વિક્ષોભથી માવઠાના કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. પરંતુ તા. ૧૯થી ૨૧માં ધીરેધીરે મહત્તમ ઉષ્ણતામાનમાં વધારો થશે અને આવતા સપ્તાહથી મહત્તમ ઉષ્ણતામાન ૪૨ થી ૪૩ ડિગ્રી સેલ્સીયસ કે તેથી વધુ થવાની શક્યતા રહે. આ કમોસમી વરસાદ અશ્વિની સૂર્ય નક્ષત્રમાં થયેલ છે એટલે પ્રાચિન વર્ષા વિજ્ઞાન પ્રમાણે જોતા જો અશ્વિની વર્ષે તો અનાજ ન પાકે. આવી ઉક્તિ હોવા છતાં જો કૃતિકા સૂર્ય નક્ષત્રમાં વરસાદ થાય તો આ નક્ષત્રનો દોષ ટળે છે એટલે આગામી આવનાર ઉનાળાના દિવસોમાં ગરમી વધશે. બાષ્પીભવન વધુ થશે અને આવનાર દિવસોમાં પણ આંધી-વંટોળ સાથે વરસાદની શક્યતાઓ રહે છે. જો ૨૫ મેની શરૂઆતમાં વરસાદ થાય તો પવન ફુંકાતા ચોમાસુ વિલંબમાં મુકાઈ શકે, પરંતુ જુનના પ્રથમ સપ્તાહમાં એક-બે દિવસ ગયા પછી વરસાદ થાય તો નિયમિત ચોમાસાની શક્યતા રહે. આ વખતે અલનીનોની સંભાવના હોવા છતા દક્ષિણ દરીયાઈ ભાગોમાં હવામાનની સાનુકૂળ સ્થિતિ રહેવાથી અલનીનોની અસર હોવા છતાં ચોમાસુ સારૂ આવે. પરંતુ અંગારક યોગના કારણે આ વખતે જૂન માસમાં પણ ગમરીનું પ્રમાણ રહેતા વર્ષા ઉપર તેની અસર થવાની સંભાવના રહે.

વરસાદ જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બરમાં સારો આવવાની શક્યતા રહેલી છે પરંતુ કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછા વરસાદની શક્યતા રહે. અંગારક યોગ ચોમાસુ અનિયમીત કરી શકે પરંતુ વરસાદ ઘણા ભાગોમાં સારો આવી શકે તેમ ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યુ છે.

# અમદાવાદ પૂર્વ લોકસભાની બેઠકના ઉમેદવારો દ્વારા દક્ષિણ વિધાનસભાના વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ



ગાંધીનગર ૩૫, દક્ષિણ વિધાનસભાના ગ્રામ્ય વિસ્તારમાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષી હાલ રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપના ઉમેદવાર તથા સમર્થકો, કાર્યકરો દ્વારા પ્રચાર રાઉન્ડ દ્વારા ઝુંબેશ ચલાવી રહ્યાં છે. રાજકીય પક્ષો ચિલોડા મુખ્યમથકે ભાજપ તથા કોંગ્રેસના કાર્યાલયોના શુભારંભ કરી ચૂક્યા છે, ત્યારે રાજકીય પક્ષો ચિલોડા આસપાસના મુખ્ય ગામોમાં ભાજપ દ્વારા પ્રચાર રાઉન્ડ કરી ચુક્યા છે. ત્યારબાદ કોંગ્રેસના ઉમેદવાર ગીતાબેન પટેલ અને તેમના કાર્યકરો દ્વારા તા. ૧૬, ૧૭ અને ૧૮ પ્રતિ દિવસથી ડોર ટુ ડોર દ્વારા પ્રચાર અભિયાનના ભાગરૂપ ગ્રામ્ય વિસ્તારમાં મતદારોને પોતાનો પરિચય અને પ્રજાના મતનું મુલ્ય સમજાવવા પ્રયાસો કરી રહ્યા છે. જ્યારે ભાજપના કાર્યકરો ચિલોડા વિસ્તારમાં ભાજપની વિકાસની ઉપલબ્ધિ-સિદ્ધિ દર્શાવતી પત્રિકા સાથે પ્રચાર કામે લાગી ડોર ટુ ડોર અભિયાન ચલાવી રહ્યા છે. મોડી સાંજે કાર્યકરો કાર્યાલયમાં એકત્રી થઈ ગ્રુપ બેઠકોરૂપે રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ અંગે અનેક રાજકીય ચર્ચાઓ વેગવાન બનાવી રહ્યા છે.

# વાવોલમાં રામદેવપીર તથા પરિવારનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

## ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયાં : સંતો-મહંતો સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયાં



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના વાવોલ ખાતે આજે રામદેવપીર ભગવાન અને પરિવારનો ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે વાવોલના રામજી મંદિરના મહંત પૂ. મધૂસૂદનદાસજી મહારાજ, સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવના મહંત પૂ. રામસ્વરૂપપુરીજી મહારાજ અને મહાકાળી માતાના ભક્ત કાળીદાસ પુજારીએ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યાં હતા આ પ્રસંગે પૂ. રામસ્વરૂપપુરીજી મહારાજે ગ્રામજનોને વ્યસનો ત્યજી નવી પેઢીને સુસંસ્કારનું સિંચન કરવા સાથે શિક્ષણ થકી સમાજમાં ક્રાંતિ લાવવા હાકલ કરી હતી. પૂ. મધુસૂદનદાસજી મહારાજે રામાપીરના જીવન અને કાર્યોની રૂપરેખા આપી તેમાંથી પ્રેરણા લેવા શીખ આપી હતી.

વાવોલના હોળી ચકલા દરબાર વાસ ખાતે નવનિર્મિત રામદેવપીર ભગવાનના મંદિર ખાતે યોજાયેલ ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમાપન પ્રસંગે ગામના અગ્રણીઓ સહિત ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મહોત્સવ દરમ્યાન ધર્મધજા આરોહણ, શોભાયાત્રા, જલયાત્રા, જયોત આગમન, સ્થાપિત દેવપૂજા, શયનપૂજા, સાંધ્ય આરતી, મૂર્તિ પ્રતિષ્ઠા, સંત-મહંતોનું સન્માન વગેરે ઉપરાંત રામદેવપીરનું આખ્યાન, ૩૩ જયોતના પાઠ, ૧૧૦૦ દિવાની આરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. સમગ્ર સમાપન પ્રસંગનું સંચાલન જાણીતા ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલે કર્યુ હતુ. આ પ્રસંગે અમરસિંહ ગોલ, વિક્રમસિંહ ગોલ, સતિષભાઈ ઠક્કર, શર્મિષ્ઠાબા ગોલ, બળદેવસિંહ ગોલ, નૈનેશસિંહ ગોલ, નીતાબા ગોલ, સંજયસિંહ ગોલ, અજીતસિંહ ગોલ, ગોપાલસિંહ ગોલ, લક્ષ્મણસિંહ ગોલ, ઈન્દ્રસિંહ તીકુજી, વિપુલસિંહ ભીકુજી, મુકેશ સુખડીયા, જીતેન્દ્રસિંહ ગોલ, ઉર્મિલાબા ગોલ, કુબેરસિંહ ગોલ, કચરાજી ગોલ, બળવંતસિંહ રાઠોડ, વિનોદસિંહ ગોલ, ઘનશ્યામસિંહ ગોલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા અને સહયોગ આપ્યો હતો. મોટા માઢના રાજપૂતોએ આરતી ઉતારી હતી. અંબુસિંહ ગોલ તરફથી ગામની દિકરીઓને ભેટ આપી સન્માનિત કરાઈ હતી.

મહોત્સવમાં સગુણાબાઈ વિવાહ, રામદેવપીરનું પ્રાગટ્યુ, રામદેવપીરના વિવાહ વગેરે યોજાયાં હતા. આ પ્રસંગે મૂર્તિદાતા જેસંગજી ગોલ, જીવુબા ગોલ, પૂજા સામગ્રીના દાતા વાસુદેવભાઈ રાવલ, બહેન દિકરીઓની પહેરામણીના દાતા પૂંજાજી ગોલ, કમળાબા ગોલ ઉપરાંત પ્રેમલસિંહ ગોલ, જેસંગજી ગોલ, કમળાબા ગોલ, રાધેશ્યામ રાઠોડ, વિનોદસિંહ રાઠોડ, મહાપ્રસાદના દાતા કમલાપૂંજ ચેરિટેબલ ટ્રસ્ટ તથા યજમાનપદે નારેન્દ્રસિંહ, વિપુલસિંહ તથા તન્મયસિંહ વગેરેએ સેવાઓ આપી હતી.

# તડીપાર થયેલો શખ્સ રણાસણ સર્કલથી પકડાયો

ગાંધીનગર, તા.૧૭

ચુંટણીને પગલે નાસતા ફરતા આરોપીઓ પકડવા ખાસ ઝુંબેશ ચાલી રહી છે ત્યારે ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમો તે દિશામાં સક્રિય છે દરમિયાન તેમની એક ટીમ ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ વિજયકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે તડીપાર થયેલો અમદાવાદ બાપુનગર વિસ્તારનો શખ્સ મહંમદ આરીફ અબ્દુલ કરીમ ભાડભુંજા ડભોડા નજીક આવેલા રણાસણ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યો છે. અમદાવાદ શહેર-ગ્રામ્ય, ખેડા, મહેસાણા અને ગાંધીનગર સહિતના જીલ્લાઓમાંથી તા.૫ એપ્રિલ ૨૦૧૮થી ૨ વર્ષ માટે તડીપાર કરાયેલો આ શખ્સ હુકમનું ઉલ્લંઘન કરીનો ગાંધીનગર જિલ્લામાં એકટીવા પર ફરી રહ્યો છે. આ બાતમીને આધારે રણાસણ સર્કલ પાસેથી આ શખ્સનો એકટીવા સાથે એસઓજીને ટીમે પકડી પાડ્યો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી ડભોડા પોલીસને સોંપી દીધો છે.

# પેથાપુર-માણસાના મંદિરમાં ચોરી કરનાર ડફેર ૧૧ વર્ષે પકડાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર અને માણસામાં બે મંદિરમાં ૧૧ વર્ષ પહેલા થયેલી ચોરી કરનાર ડફેરને પોલીસે પકડી પાડ્યો છે. વર્ષ ૨૦૦૮ના વર્ષમાં પેથાપુર અને માણસા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુનામાં વોન્ટેડ ડફેર બચુ સત્તા સિંન્ધી (રહે. અમરાપુર પાટી, તા સમી, જી.પાટણ) અંગે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકારને બાતમી મળી હતી જેને પગલે પોલીસે પાટણના ભદ્રાડા ગામની સીમમાં પોતાના પશુ લઈને આવેલા આરોપીને વોચમાં ગોઠવાઈ જઈ ને પકડી પાડ્યો હતો. પેથાપુર પોલીસે આરોપી બચુ સત્તાર સિન્ધીની ધરપકડ કરી તેની સામે કાયેદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોંગ્રેસ આવશે તો ગુજરાતને બરબાદ કરશે, ફરીવાર ૨૬ કમળ આપો : મોદી

ગાંધીનગર

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ચૂંટણી સભા સંબોધતાં કહ્યું હતું કે હું ફરીવાર ગુજરાતમાં ૨૬ કમળ લેવા માટે આવ્યો છું. જો કેન્દ્રમાં કોંગ્રેસ આવશે તો ગુજરાતને બરબાદ કરી નાંખશે, કારણ કે કોંગ્રેસની ગુજરાત સાથે જૂની દુશ્મની છે.

મોદીએ ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસના ગઢ હિંમતનગરમાં જનસભાને સંબોધી હતી. ઉપસ્થિત જન મેદનીને કહ્યું હતું કે આપણે કોંગ્રેસની ગરમી કાઢી નાંખવાની છે. આઝાદી પહેવાં કોંગ્રેસ ગાંધીવાદી હતી પરંતુ અત્યારે એ કોંગ્રેસ પાર્ટી ગાલીવાદી બની ગઇ છે. પહેલાં ચા-વાળાને ગાળો આપી હતી હવે ચોકીદારને ગાળો આપે છે.

કોંગ્રેસ પર પ્રહારો કરતાં મોદીએ કહ્યું કે કોંગ્રેસ અમને બદનામ કરવાનો એક દિવસ પણ જતો કરતી નથી. તેમણે અમિત શાહને જેલમાં નાંખી દીધા હતા. અમને પાંચ વર્ષ આપો, બધાં ભ્રષ્ટાચારી નેતાઓને જેલમાં નાંખવામાં આવશે. કોંગ્રેસમાં મહા મિલાવટ વાળા લોકો ભેગા થયા છે અને તેઓ પાકિસ્તાનની ભાષા બોલે છે. તેઓ અહીં નિવેદન કરે છે અને પાકિસ્તાનના અખબારોમાં તેની હેડલાઈન બને છે. મોદીએ કહ્યું કે કોંગ્રેસને હંમેશા ગુજરાતથી વાંધો છે. કોંગ્રેસ ગુજરાતને દુશ્મન માને છે. કોંગ્રેસે મોરારજી દેસાઈને પણ દુશ્મન માન્યા હતા તેમ મને પણ દુશ્મન માને છે. કોંગ્રેસે ૨૦ વર્ષમાં ૨૫ લાખ મકાનો બન્યા છે પરંતુ અમે પાંચ વર્ષમાં ૧.૫૦ કરોડ મકાનો બનાવ્યા છે.

મોદીની સભામાં સાબરકાંઠા, અમદાવાદ પૂર્વ અને પંચમહાલ બેઠકના ઉમેદવારો હાજર રહ્યાં હતા. નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેઓ ગુરૂવારે પણ ચૂંટણીની જનસભાઓ કરવાના છે. મોદીએ કહ્યું કે મારે હિંમતનગરની હિંમત જોવાની છે. હું અહીં ઈઝરાયલના વડાપ્રધાનને લઈને આવ્યો હતો. લોકસભાની ચૂંટણીમાં આજે આખું ગુજરાત ભાજપની પડખે છે.

મહાગઠબંધન પર નિશાન સાધીને મોદીએ કહ્યું કે આપણો દેશ અર્થવ્યવસ્થામાં પાછળ હતો તે પાંચમા નંબર પર આવી ગયો છે. હવે ત્રીજા નંબરે પહોંચવાનો ઈરાદો છે. દેશમાં જે પાર્ટી બધી બેઠકો પર ચૂંટણી લડી શકતી નથી તે પાર્ટી વડાપ્રધાન બનવા નિકળી છે. અલગ અલગ રાજ્યોમાંથી જુદા જુદા વડાપ્રધાન બનવાનો અવાજ આવે છે. આ ચૂંટણી નક્કી કરશે કે રાષ્ટ્રવાદને માનવાવાળા દેશ ચલાવે છે કે રાષ્ટ્ર દ્રોહ કરવા વાળા સરકાર ચલાવે છે.

મોદીએ કહ્યું કે ડિક્સનેરીમાં જેટલી ગાળો હતી તેટલી બધી મારા માટે કોંગ્રેસે વાપરી નાંખી છે. કાશ્મીરમાં સેનાના જવાનને પથરા મારે, તિરંગાને સળગાવે કે તેનું અપમાન કરનારને દેશદ્રોહી ના કહેવાય તેવી કોંગ્રેસની વ્યાખ્યા છે. ગાંધીજીના સમયમાં કોંગ્રેસ ગોળીઓ સહન કરતી હતી અને હવે કોંગ્રેસ ગાલીબાજ બની ચૂકી છે. જો કોંગ્રેસ ઉપર બટન દબાવ્યું તો બધું ખેદાન મેદાન થશે અને પહેલો વારો ગુજરાતનો આવશે. ગુજરાતને સહન કરવાનો વારો આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮મી એપ્રિલે અમરેલીમાં જનસભા સંબોધશે. તેઓ રાત્રીરોકાણ રાજભવનમાં કરવાના છે.

# ભાજપના ધનિક ૧૬ સાંસદોની સંપત્તિમાં પાંચ વર્ષમાં ૧૫૦ ટકાનો વધારો

ગાંધીનગર

ગુજરાતના સાંસદોની સંપત્તિમાં પાંચ વર્ષમાં ૧૫૦ ટકાનો વધારો થયો છે. આ આંકડો એફિડેવિટમાં બહાર આવ્યો છે પરંતુ બ્લેકમની કેટલી છે તેના આંકડા બહાર આવતા નથી. ૨૦૧૪માં ૧૪ સાંસદોની સંપત્તિ ૪૦ કરોડ રૂપિયા હતી તે ૨૦૧૯માં વધીને ૯૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ભાજપના ૧૬ સાંસદોની કુલ સંપત્તિ ૧૨૮.૧૬ કરોડ રૂપિયા હતી તે પાંચ વર્ષમાં વધીને ૧૩૪.૫૪ કરોડ થઈ છે. ભાજપના બે સાંસદો સીઆર પાટીલ અને કેસી પટેલની સંપત્તિમાં ઘટાડો થયો હોવાનું રિપોર્ટમાં જણાયું છે. ભાજપમાં ફરીથી ચૂંટણી લડતા ૧૬ સાંસદોની સંપત્તિમાં વધારો જોવા મળે છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જ્યારે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી લડ્યા હતા ત્યારે તેમની સંપત્તિ ૧.૯૦ કરોડ રૂપિયા હતી જે વધીને ૧૯ કરોડ થઈ છે. જો કે તેમણે દાવો કર્યો છે કે વારસાગત સંપત્તિનો ઉમેરો થયો હોવાથી સંપત્તિમાં વધારો જણાય છે.

ભાજપમાં સૌથી વધુ શ્રીમંત ઉમેદવાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નહીં પરંતુ મહેસાણાના કોંગ્રેસના ઉમેદવાર એજે પટેલ છે જેમની સંપત્તિ ૫૫.૩૮ કરોડ રૂપિયા છે. બીજા ક્રમે નવસારી ભાજપના ઉમેદવાર સીઆર પાટીલ આવે છે જેમની સંપત્તિ ૪૫.૪૩ કરોડ રૂપિયા છે.

ગુજરાતમાં ત્રીજા નંબરના ધનવાન ઉમેદવાર ભાજપના જામનગરના પૂનમ માડમ છે. તેમની કુલ સંપત્તિ ૩૯.૨૭ કરોડની છે. ચોથા નંબર પર મહેસાણાના ભાજપના ઉમેદવાર શારદાબેન પટેલ આવે છે. તેમની પાસે ૩૯ કરોડની સંપત્તિ છે.

ભાજપના છોટાઉદેપુરના ઉમેદવાર ગીતા રાઠવા પાસે ૬ લાખની સંપતિ છે. કોંગ્રેસના પાટણના ઉમેદવાર જગદીશ ઠાકોર પાસે ૭.૬૨ લાખની સંપતિ છે. ભાજપના કચ્છના ઉમેદવાર નરેશ મહેશ્વરી પાસે ૧૪.૪૭ લાખની સંપતિ છે. કોંગ્રેસના પંચમહાલના ઉમેદવાર વીકે ખાટ પાસે ૧૭.૩૦ લાખની સંપત્તિ છે. ભરૂચના કોંગ્રસના ઉમેદવાર શેરખાન પઠાણ પાસે ૩૩.૪૨ લાખની સંપત્તિ છે.




# ગુજરાતમાં સાંસદોનું બાંકડા કૌભાંડ, ખરીદીમાં કમિશનના આરોપ મૂકાયા

ગાંધીનગર

ગુજરાતમાં સાંસદોએ તેમના કાર્યકાળ દરમ્યાન નાનું એવું બાંકડાનું મોટું કૌભાંડ કર્યુ હોવાના આરોપ મૂકવામાં આવી રહ્યાં છે. સંસદસભ્યની ગ્રાન્ટમાંથી આ બાંકડો મૂકવામાં આવ્યો છે-- તેવું બાંકડા ઉપર કોતરાવીને મોટું કૌભાંડ આચર્યું છે. સોશ્યલ મિડીયામાં બાંકડા કૌભાંડ સામે આવ્યું છે. ગુજરાતના કેટલાય સાંસદોએ કેન્દ્રમાંથી મળેલી સાંસદોની ગ્રાન્ટમાંથી શૌચાલય બનાવ્યા છે. બેસવા માટેના બાંકડા મૂક્યા છે અને માર્ગોના કામો કર્યા છે. કોંગ્રેસના અમરેલીના ઉમેદવાર અને વિપક્ષના નેતા પરેશ ધાનાનીએ કહ્યું છે કે અમારા વિસ્તારના સાંસદે કરોડો રૂપિયાના બાંકડાની ખરીદી કરી છે. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી જ્યારે બાંકડાની ખરીદી કરવામાં આવે છે ત્યારે બાંકડાનો ભાવ ૧૭૫૦ રૂપિયા હોય છે જ્યારે સાંસદ એવો જ બાંકડો ખરીદે છે તો તે ૩૫૦૦ રૂપિયામાં પડે છે. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપના સાંસદો કમિશન લઈને બાંકડાની ઉંચી કિંમત ચૂકવે છે. આરટીઆઈમાં બહાર આવેલી વિગતો પ્રમાણે સુરતના સાંસદ દર્શના જરદોશે પણ બાંકડાની ખરીદી કરી છે. સુરતના સંજય ઈઝાવાએ કરેલી આરટીઆઈના જવાબમાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં સુરતના સાંસદે ૪૨૦૦ જેટલા બાંકડા ખરીદ્યા હતા. આ બાંકડાની ખરીદી પેટે તેમણે ૧.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

MPLADSના માર્ગદર્શન મુજબ કોઈ પણ મુવેબલ ( સ્થાન ફેર થઈ શકે તેવી ) વસ્તુઓ માટે ફંડનો ઉપયોગ કરી શકાય નહીં. પણ સ્થાન ફેર થઈ શકે તેમાંથી અમુક જ સામાન સામગ્રીમાં સ્ૈંન્છઙ્ઢજી ફંડનો ઉપયોગ કરી શકાય છે. બાંકડા સ્ૈંન્છઙ્ઢજી ના માર્ગદર્શનમાં નહીં હોવા છતાં ૪૨૦૦થી વધારે બાંકડા એક જ વર્ષમાં મુકીને વિવાદ સર્જવામાં આવ્યો છે. જો કે આ બાંકડામાંથી ૭૭ ટકા બાંકડાની ચોરી થઈ ગઈ છે જેની ફરિયાદો સુરતના નવ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. ગુજરાતના સાંસદો તેમના ફંડમાંથી કોઇપણ ખરીદી કરે છે તેમાં કોઈ ચોક્કસ એજન્સીને કામ આપવાની ફરિયાદો પણ ઉભી થઈ છે. જો કે ભાજપના સાંસદો એવો ખુલાસો કરે છે કે સિનિયર સિટીઝનને બેસવા માટે બાંકડાની ખરીદી કરવામાં આવે છે અને તેમાં યોગ્યતા ધરાવતી કંપનીઓને જ કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે.

# મચ્છરને કપડાં પહેરાવવા અને મોદીને સાચું બોલાવવું એ અઘરૂં છે : નવજોતસિંઘ

ગાંધીનગર

પંજાબ સરકારના મંત્રી અને કોંગ્રેસના નેતા નવજોત સિધ્ધુએ અમદાવાદમાં એક સભા સંબોધી હતી અને પોતાના આગવા અંદાજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. તેણે દાવા સાથે કહ્યું કે આ વખતે ભાજપની સરકાર બનતી નથી. મોદી હવે વડાપ્રધાન પદે નહીં હોય.



સિદ્ધુએ કહ્યુ હતુ કે, નરેન્દ્ર મોદી તમારી આ કેવી રાષ્ટ્રભક્તિ છે કે લોકોના પેટ ખાલી છે અને યોગ કરાવાય છે. ખિસ્સા ખાલી છે અને બેન્ક ખાતા ખોલાવવામાં આવે છે.એવુ લાગે છે કે, ભારતમાં બધાને રામદેવ બનાવી દેવા છે.

સિદ્ધુએ કટાક્ષ કરતા કહ્યુ હતુ કે, મચ્છરને કપડા પહેરાવવાનું, હાથીને ખોળામાં બેસાડવાનુ અને મોદી પાસે સાચુ બોલાવવાનુ અશક્ય છે.આજે ચીન દરિયા નીચે રેલ્વે લાઈન નાંખે છે અને અમેરિકા મંગળ પર જીવનની ખોજ કરે છે, જાપાન રોબોટ આર્મી બનાવે છે ત્યારે ભારતમાં લોકોને ચોકીદાર બનાવવામાં આવી રહ્યા છે.

સિદ્ધુએ બિહારમાં આ પહેલા મુસ્લિમોને એક થઈને વોટ આપવા માટે અપીલ કરીને વિવાદ સર્જયો હતો. જોકે અમદાવાદમાં સિધ્ધુ જે રીતે ભાષણ કરી રહ્યા હતા તે જોતા લાગતુ હતુ કે, તેમના પર આ વિવાદની કોઈ ખાસ અસર થઈ નથી.

સિદ્ધુ બિહારમાં કહ્યુ હતુ કે, એવો છક્કો મારો કે મોદી બાઉન્ડ્રીની બહાર જાય. સિધ્ધુના નિવેદન બદલ બિહારના કટિહારમાં પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે.

સિદ્ધુ એ પહેલા મોદી ભક્ત હતા. ગુજરાતમાં ૨૦૦૫ અને ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીના પ્રવાસે આવતા હતા ત્યારે તેમણે શાયરાના અંદાજમાં મોદીની ખૂબ તારીફ કરી હતી. તેઓ ભાજપના સ્ટાર પ્રચારક હતા. હવે તેઓ કોંગ્રેસના સ્ટાર પ્રચારક બનીને આવ્યા છે. તેઓ મંત્રી બન્યા પછી હંમેશા વિવાદમાં રહ્યાં છે.

# કોંગ્રેસમાં હાર્દિક પટેલને જલસા-- ચૂંટણી પ્રચારમાં ચાર્ટર્ડ પ્લેન આપ્યું છે

ગાંધીનગર

કોંગ્રેસમાં જોડાયેલા પાટીદાર અનામત આંદોલનના નેતા અને સ્ટાર પ્રચારક હાર્દિક પટેલને કોંગ્રેસે ચૂંટણી પ્રચારની સભાઓ માટે ચાર્ટર્ડ પ્લેન આપ્યું છે. હાર્દિક ભલે લોકસભામાં કોંગ્રેસનો ઉમેદવાર ન બની શક્યો પરંતુ તે ચૂંટણી સભાઓમાં ચાર્ટર્ડ પ્લેન વાપરી રહ્યો છે.

હાર્દિક પટેલ માટે સોશ્યલ મિડીયામાં એવી રમૂજ થઈ રહી છે કે હાર્દિક પટેલ પોતાને બેરોજગાર માને છે. મોદીના ચોકીદાર ટેગની સામે હાર્દિકે બેરોજગાર ટેગનો ઉપયોગ કર્યો છે. જો કે તેને હેલીકોપ્ટર કે પ્લેનમાં બેઠેલો જોઇને લોકોએ કોમેન્ટ કરી છે કે ગુજરાતમાં બેરોજગારને પણ હવાઈ મુસાફરીનો લાભ મળે છે.

હાર્દિક પટેલ માટે કોંગ્રેસના કાર્યકરો પણ એવું કહે છે કે ગુજરાત કોંગ્રેસમાં હાર્દિક પટેલને ટક્કર માટે તેઓ કોઈ પ્રદેશ નેતા નથી. હાર્દિક પટેલની ચૂંટણી સભાઓમાં લોકોને રસ પડે છે પરંતુ અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ કે સિદ્ધાર્થ પટેલની સભાઓમાં કોઈને રસ પડતો નથી.

કોંગ્રેસના પ્રદેશ નેતાઓને એવી કોઈ સુવિધા મળી નથી તેવી સુવિધા અત્યારે કોંગ્રેસમાં હાર્દિક પટેલને મળી રહી છે. હાર્દિકને ચૂંટણી સભા માટે પ્રાઈવેટ પ્લેન આપવામાં આવ્યું છે. તે રાજસ્થાનમાં પણ સભાઓને સંબોધિત કરે છે. કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદીમાં હાર્દિક પટેલને સ્ટાર પ્રચારકનું નામ આપવામાં આવ્યું છે જે નામ કોંગ્રેસના પૂર્વ નેતા અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને આપવામાં આવ્યું હતું પરંતુ અલ્પેશે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતાં તેને કોંગ્રેસમાં મળતી તમામ સુવિધાઓ બંધ કરી દેવામાં આવી છે.

સામાન્ય રીતે કોંગ્રેસ કે ભાજપના સ્ટાર પ્રચારકને હવાઈ મુસાફરીની સુવિધા આપવામાં આવતી હોય છે પરંતુ તે નેતાઓ સિનિયર હોય છે. જૂનિયરોને આવી સુવિધા મળતી નથી. કોંગ્રેસે તેની પરંપરાને તોડીને હાર્દિકને હવાઈ મુસાફરીની સુવિધા આપી છે જે કોંગ્રેસના સિનિયર નેતાઓને શરમાવે છે. હાર્દિકના ચૂંટણી પ્રચારની ખાસિયત એવી છે કે તે જનસભામાં લોકોને જકડી રાખે છે. લોકોને ગમે તે હાર્દિક તેના પ્રવચનમાં બોલે છે. લોકોની વેદનાને વ્યક્ત કરે છે.